પોલીસ ઈન્સ્પેક્ટરની કચેરી
ઓઢવ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર.
ફોન નં-૦૭૯-૨૨૯૦૨૪૨૫.ઈ-મેઈલ-POLSTN-ODHAV-AHD@GUJARAT.GOV.IN
પોલીસ કંટ્રોલરૂમ નં-૦૭૯-૨૫૬૨૭૫૧૦.

# પ્રેસનોટ

## વેશ્યાવૃતિનો અનૈતિક પ્રવુતિનો વેપાર ચલાવતી બે મહીલા તેમજ પાંચેક ગ્રાહકોને પકડી પાડતી પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી આશિષ ભાટીયા સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી નિપુણા તોરવણે સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ શ્રી વાસમસેટ્ટી રવિ તેજા સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી. એન.એલ.દેસાઇ સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા તથા સર્વેલન્સ સ્કવોડના પો.સ.ઇ. આર.એ.ઝાલા તથા એ.એસ.આઇ. પરથીભાઇ પુરાભાઇ બ.નં.-૩૧૫ તથા એ.એસ.આઇ. ચંદુભાઇ મગનભાઇ બ.નં.-૭૯૮૫ તથા હે.કો. ચંદ્રસિંહ લાખુભા બ.નં.-૫૮૮૯ તથા પો.કો. અતુલકુમાર સુખરામભાઇ બ.નં.-૮૬૦૬ તથા વૃ.પો.કો. માયાબેન રમેશભાઇ બ.નં.-૩૫૧૩ વુમન લોકરક્ષક રમીલાબેન દાનસિંહ બ.નં.-૭૬૮ તથા વુમન લોકરક્ષક કૈલાશબેન નવજીભાઇ બ.નં.-૮૩૯ તથા વુમન લોકરક્ષક અર્પિતાબેન દિનેશભાઇ બ.નં.-૨૬૭૯ લોકરક્ષક કરણભાઈ ગિરધરભાઈ બ.નં.-૧૨૭૮૧ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ કોન્સ્ટેબલ અતુલકુમાર સુખરામભાઇ નાઓની બાતમી હકીકત આધારે ઓઢવ સરણીયાવાસમાં રહેતી મહીલા દલાલો (૧) લક્ષ્મીબેન ઉર્ફે લશી શંકરભાઇ સરણીયા તથા (૨) ધનીબેન વા/ઓ વિનોદભાઇ સરણીયા નાઓ પોતાના કબ્જા ભોગવટાવાળી રૂમો તથા છાપરાઓમાં પોતાના આર્થીક ફાયદાસારૂ જરૂરીયાતમંદ યુવતિઓને બોલાવી એકબીજાના મેળાપીપણામાં પુરૂષ ગ્રાહકો મારફતે મજબુર યુવતિઓ પાસે વેશ્યાવૃતિનો અનૈતિક પ્રવુતિનો વેપાર કરાવતી હોવાની હકીકત આધારે રેઇડ દરમ્યાન ઉપરોક્ત બન્ને મહીલા આરોપી તથા પાંચ ગ્રાહકો સાથે તા-૦૧/૦૧/૨૦૨૦ ના ક.૨૦/૩૦ વાગે મળી આવેલ હોય તેઓ વિરૂધ્ધ અનૈતીક વ્યાપાર (નિવારણ) અધિનિયમ ૧૯૫૬ ની કલમ-૩,૪,૫,૬,૯, અને ઇપીકો કલમ-૩૭૦(એ)(૨) મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. તા-૦૧/૦૧/૨૦૨૦.